# S.U.G. College of Education, Vasna, Ahmedabad

## Semester-1

## EPC-2

## Art in Education

## શિક્ષણમાં કલા

Dr. Darshana M. Patel

# એકમ: 1 શિક્ષણમાં સંગીત અને લલિતકળા (સંકલ્પનાત્મક સમજ )

૧.૧ ફાઇન આર્ટ્સ (લલિત કલા) : તત્ત્વો (રેખા, સ્વરૂપ, , આકાર, રંગ, બંધારણ) અને તેની વિવિધ અભિવ્યક્તિ (ડ્રોઇંગ, પેઇન્ટિંગ, પોસ્ટર મેકિંગ, કોલાજ, રંગોળી, ક્લે મોડેલિંગ વગેરે)

૧.૨ સંગીત (સંસ્કૃત સ્તુતિ , શ્લોક, શાસ્ત્ર, પ્રાર્થના, દેશભક્તિગીતો, લોકગીતો, હળવું કંઠ્ય સંગીત )

એકમ: 2 શિક્ષણમાં નૃત્ય અને નાટક (સંકલ્પનાત્મક સમજ)

2.1 નૃત્યઃ તાલ, લય , માત્રા, સામ, તાલી, ખાલી અને આવર્તન વિવિધ તાલનું ઉદાહરણ સાથે . તાલ, લોક, પરંપરાગત અને પ્રાદેશિક નૃત્યો, શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપ વિશે લેખન.

2.2 નાટક : થિયેટર, મોનો એક્ટિંગ, મિમિક્રી, સ્કિટ, વન એક્ટ પ્લે, માઇમ, ડાયલોગ્સ અને ડાયલોગ્સ ડિલિવરી

# એકમપ્રવૃત્તિ: ૧
# સંગીત

- 1. તમારા પાઠ્યપુસ્તકોમાંથી લખાણ પસંદ કરો અને કોઈ પણ સંસ્કૃત સ્તુતિ , શ્લોક,સ્તોત્ર , પ્રાર્થના, દેશભક્તિગીતો, લોકગીતો,હળવું કંઠ્ય સંગીત કે જેનાં દ્વારા તમે પાઠ અથવા લખાણને વધુ સારી રીતે રજૂ કરી શકો . શિક્ષકના માર્ગદર્શન પ્રમાણે આ પ્રક્રિયાનો અહેવાલ તૈયાર કરો.
- 2. તમારા પાઠ્યપુસ્તકમાંથી પાઠ અથવા મુદ્દો પસંદ કરો. સંસ્કૃત સ્તુતિ / શ્લોક/સ્તોત્ર /પ્રાર્થના/ દેશભક્તિ ગીત/ નાની કવિતાઓ આ પાઠ કે મુદ્દો શીખવવા માટે વિકસાવો. વિગતવાર અહેવાલ તૈયાર કરો.
- 3. કોઈ પણ પ્રદેશનાં લોકગીત સાથે સંબંધિત પાઠ અથવા મુદ્દો શોધો.આ પાઠ અથવા મુદ્દાને વધુ સારી રીતે સમજાવવા વર્ગખંડમાં તેને કેવી રીતે પ્રસ્તુત કરવું તે શીખો. વિગતવાર અહેવાલ તૈયાર કરો.

- 4. કોઈ પણ ભારતીય ધર્મ સાથે સંબંધિત કોઈ ગીત જે ભક્તિગીત સંબંધિત હોય .અને પાઠ્યપુસ્તકના એક કરતાં વધુ મુદ્દાઓ સાથે સંબંધિત હોય .વર્ગખંડ માં તેનું  યોગ્ય રીતે ગાન કરીને સંબંધિત મુદ્દાની ચર્ચા કરો .અને  વિગતવાર અહેવાલ તૈયાર કરો
- 5. શું વિજ્ઞાન અને ગણિત શીખવવા માટે સંગીતનો ઉપયોગ કરી શકાય? જો હા, તો કેવી રીતે? જાણો અને વિવિધ  સ્ત્રોતો શોધો . તમારી પોતાની કવિતા, ગીત અથવા વાદ્ય ધૂન તૈયાર કરો અથવા રચો  અને તમારા અધ્યાપક  અને  તાલીમાર્થીઓ સમક્ષ પર્ફોર્મ કરો. પ્રોજેક્ટનો વિગતવાર અહેવાલ તૈયાર કરો.

# ફાઇન આર્ટ્સ

- 1. શાળાના પાઠ્યપુસ્તકોમાંથી કોન્સેપ્ટ અથવા મુદ્દો પસંદ કરીને ડ્રોઇંગ અથવા પેઇન્ટિંગ તૈયાર કરો. વર્ગમાં તે મુદ્દો અથવા કોન્સેપ્ટ શીખવવા તેનો ઉપયોગ કેવી રીતે કરશો તેની રૂપરેખા તૈયાર કરો. તેને પ્રસ્તુત કરો અને રિપોર્ટ તૈયાર કરો.
- 2. શાળાના પાઠ્યપુસ્તકોમાંથી કોઈ પણ સામાજિક કે રાષ્ટ્રીય કે વૈશ્વિક મુદ્દા અંગે સામાજિક જાગૃતિ ફેલાવવા માટે મુદ્દો અથવા વિષય પસંદ કરો અને પોસ્ટર તૈયાર કરો. વર્ગખંડમાં તે મુદ્દાને શીખવવા તેનો ઉપયોગ કેવી રીતે કરશો તેની રૂપરેખા તૈયાર કરો. અને રિપોર્ટ તૈયાર કરો.
- 3. ગણિત, વિજ્ઞાન કે ભાષાઓ અને સામાજિક વિજ્ઞાનના કોઈ પણ વિષય કે ખ્યાલને શીખવવા માટે આપણે ક્લે મોડેલિંગ, પેપર મોડેલિંગ અને અન્ય હસ્તકળાનો ઉપયોગ કેવી રીતે કરી શકીએ? કોઈ પણ પાઠ્યપુસ્તકમાંથી મુદ્દો અથવા કોન્સેપ્ટ પસંદ કરો અને કોઈ પણ પ્રકારના મોડેલિંગ દ્વારા તે મુદ્દો અથવા ખ્યાલ શીખવવા માટે મોડેલ તૈયાર કરો અને તેનો અહેવાલ તૈયાર કરો.

- 4. કોઈ પણ પાઠ્યપુસ્તકનો એકમ પસંદ કરો જેમાં એકથી વધુ ચરિત્રો  અથવા મુદ્દાની  ચર્ચા થાય અને તે પરસ્પર સંબંધિત પણ હોય છે. એક જ ડ્રોઇંગ શીટ પર આ બધા ચરિત્રો  અથવા મુદ્દા ધરાવતો કોલાજ તૈયાર કરો. વર્ગખંડમાં તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે દર્શાવો અને તેનો અહેવાલ તૈયાર કરો.
- 5. શાળાના લખાણનો અભ્યાસ કરો અને ઓછામાં ઓછા 10 દ્વિપરિમાણીય ચિત્રો અને 10 ત્રિપરિમાણીય ચિત્રોની યાદી બનાવો. શું તમે પાઠયપુસ્તકમાં તે વિષયને લગતા વધુ સારા  બે-પરિમાણીય અને ત્રિ-પરિમાણીય ચિત્રો  બનાવી શકો છો?   જો હા તો તેને કેવી રીતે તૈયાર કરશો તે દર્શાવો. વર્ગખંડમાં તેના ઉપયોગનો અહેવાલ તૈયાર કરો.

# એકમપ્રવૃત્તિ: ૨
# નૃત્ય

- 1.ટ્રાઈબલ અને પ્રાદેશિક નૃત્યોનો અભ્યાસ કરો અને વિદ્યાર્થીઓને મુદ્દો /સંકલ્પના શીખવવા માટે તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે ઓળખો. વિગતવાર અહેવાલ તૈયાર કરો. તમારા વર્ગમાં પ્રેઝન્ટેશન કરો.
- 2. કલાકારના ક્લાસિકલ ડાન્સનો અભ્યાસ કરો (ઇન્ટરનેટ પર ઉપલબ્ધ તેના વીડિયો જુઓ) અને વિદ્યાર્થીઓ ને કોન્સેપ્ટ શીખવવા માટે તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે વિશે વિગતવાર અહેવાલ તૈયાર કરો.
- 3. તમારા પાઠ્યપુસ્તકોમાંથી મુદ્દો /પાઠ પસંદ કરો અને શાળાના વિષયવસ્તુ માં ઉપલબ્ધ નૃત્ય સ્વરૂપોના દૃષ્ટિકોણ , ચાલ, સંસ્કૃતિ વગેરેના વિવિધ પાસાઓની યાદી બનાવો અને અહેવાલ તૈયાર કરો.

- 4. લોકનૃત્ય (જૂથમાં) કરો જે શાળા શિક્ષણના કોઈ પણ પાઠ્યપુસ્તક સાથે સંબંધિત હોય અને તે જે તે ધોરણના વિદ્યાર્થીઓને તે યુનિટને સમજવામાં મદદ રૂપ હોય . અહેવાલ તૈયાર કરો.
- 5. તમારી પસંદગીનો પાઠ /મુદ્દો પસંદ કરો અને આ પાઠ /મુદ્દાને સમજાવવા માટે ઓછામાં ઓછી 10-15 મિનિટની નૃત્ય નાટિકા તૈયાર કરો.અને તેનો અહેવાલ તૈયાર કરો.

# નાટક

- 1. તમારી ટેક્સ્ટ બુકમાંથી કોન્સેપ્ટ પસંદ કરો અને ઓછામાં ઓછી 40 મિનિટના સંપૂર્ણ લંબાઈના નાટકના સ્વરૂપમાં આ કોન્સેપ્ટ રજૂ કરો. સ્ક્રિપ્ટ અને રિપોર્ટ તૈયાર કરો.
- 2. તમારા પાઠ્યપુસ્તકોમાંથી જાગૃતિ ફેલાવવા /વર્તમાન ઘટના પસંદ કરો અને માઇમ/સ્ટ્રીટ પ્લેનો ઉપયોગ કરીને જાગૃતિ અભિયાન તૈયાર કરો અને તેનો અહેવાલ તૈયાર કરો.
- 3. ભાષાઓ અથવા સામાજિક વિજ્ઞાનના કોઈ પણ પાઠ્યપુસ્તકમાંથી પાત્ર પસંદ કરો. તે પાત્રને પ્રદર્શિત કરીને મોનો એક્ટિંગ તૈયાર કરો અને પરફોર્મ કરો અને તેનો અહેવાલ તૈયાર કરો.

- ૪. ભરત દ્વારા આપવામાં આવેલા નાટ્યશાસ્ત્રના વિવિધ રસનો અભ્યાસ કરો. ભાષાના પાઠ્યપુસ્તકોમાં આપવામાં આવેલા વિવિધ સંવાદો શોધો અને  કયા ડાયલોગ્સ કયા રસ સાથે જોડાયેલા છે? તે સંવાદો વાંચ્યા વિના કરો અને તે રસને સંવાદ ડિલિવરી અથવા રોલ પ્લે (વ્યક્તિગત અથવા જૂથમાં) દ્વારા રજૂ કરતા શીખો અને  તેનો  અહેવાલ તૈયાર કરો.
- 5. ફિલ્મોના સારા ડાયલોગ્સ શોધો જે આપણને સૌને  એક ચોક્કસ મૂલ્ય શીખવે છે. સ્ટેજ પર વ્યક્તિગત અથવા જૂથમાં તેનું પ્રદર્શન કરો અને તેનો  અહેવાલ તૈયાર કરો.

Note: Trainees will select one activity from each unit for submission BUT for better exposure minimum three activities from each unit will be carried out at institutional level .